### ધીમી તપાસથી શંકા-કુશંકા વધી

# જિલ્લામાં સસ્તા અનાજના દુકાનદારોના પરવાના રદ કરવામાં મુર્હુતની રાહ જોવાય..!!

### માત્ર ૨ પરવાના રદ કરી સંતોષ માનતો પુરવઠા વિભાગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સરકારી અનાજનો જથ્થો ચાઉં કરી જવાના રાજ્ય વ્યાપી કૌભાંડના પર્દાફાશમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૬૦થી વધુ દુકાનદારોની સંડોવણી બહાર આવ્યાના દોઢ મહિના પછી પણ ધીમી તપાસથી શંકા-કુશંકા વધી છે. દુકાનદારોના પરવાના રદ કરવામાં મુહર્તની રાહ જોવાતી હોય તેવી તસવીર દેખાઈ છે. સાબરકાંઠામાં માત્ર ૨ પરવાના રદ કરી પુરવઠા વિભાગે સંતોષ માન્યો છે.

વાડ ચિભડાં ગળતી હોય તેવી સ્થિતિ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સામે લાવી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા અંત્યોદય, બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોને રાહત દરે સરકારી અનાજનો જથ્થો મળી રહે તે માટે લગભગ ગામે ગામ સસ્તા અનાજની દુકાનો ખોલવામાં આવી છે. પરંતુ લાંબા સમયથી અનેક દુકાનદારો અનાજનો જથ્થો સગેવગે કરતા જે તે સમયના પુરવઠા વિભાગના અધિકારીઓ તપાસ માટે જાય એટલે તેમના માટે તમામ પ્રકારની સવલતો ઉભી થઈ હતી અને હપ્તારાજમાં કોઈ વિગતો સામે આવતી ન હતી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૧૦ થી વધુ દુકાનદારો પૈકી કેટલાક દુકાનદારોએ સસ્તા અનાજનો બારોબાર વેપલો કર્યો અને ૨-૩ વર્ષ સુધી ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર, સપ્લાય ઈન્સ્પેક્ટર અને નાયબ પુરવઠા મામલતદારને ધ્યાનમાં આવ્યું ન હોય તેવું બની ન શકે. મોટાભાગે દરેક મહિને અનેક ગામડાઓમાંથી અનાજનો જથ્થો મળ્યો નથી. દુકાનદાર દુકાન ખોલતા નથી તેવી વ્યાપક ફરિયાદોને તંત્રએ ભ્રષ્ટાચાર આદરીને નજર અંદાજ કરી હતી અને રાજ્ય વ્યાપી અનાજ સગેવગે કરવાનું કૌભાંડ પ્રકાશમાં આવતાં જિલ્લાની અધધ ૬ ડઝનથી પણ વધુ દુકાનદારોની સંડોવણીએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ધરતી ઉપર પાઠ્યપુસ્તક કૌભાંડ, ભરતી કૌભાંડ, બોગસ ડીગ્રી કૌભાંડ સહિતના કૌભાંડોમાં વધુ એક કૌભાંડનો ઉમેરો કર્યો છે.

# લૉ કૉલેજ હિંમતનગર ખાતે 'શિક્ષક દિન'ની ઉજવણી કરાઈ



૨ હિંમતનગર તા. ૪

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ, હિંમતનગર ખાતે તારીખ ૦૪-૦૯- ૨૦૨૦ ને શનિવાર ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવેલ, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. વિદ્યાર્થીઓ દ્વારા કાયદાના વિવિધ વિષય ઉપર લેક્ચર આપવામાં આવેલ. સમગ્ર કોલેજનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



નિવમ્ પરેશકુમાર પટેલ
વિજયનગર,
જિ.સાબરકાંઠા



અમિષ પટેલ
(સંગઠન પ્રમુખ : અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચો)
મોડાસા, જિ.અરવલ્લી



ક્રિષ્ણાબેન અક્ષયભાઈ પટેલ
વડોદરા(ગાંધીનગર)



સુમન રાવલ
હિંમતનગર,
જિ.સાબરકાંઠા




દિનેશભાઈ એસ. પટેલ
(ક્રિષ્ણા મોટર રીવાઈડીંગ-બાયડ)
બાયડ(ઉદેપુર)



હેતા ચિરાગકુમાર જોષી
(એફ-૨૭, વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અલ્પેશભાઈ એન. સોની
(અંબિકા જ્વેલર્સ)
(શ્રીજીચરણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જોય હરેશભાઈ પટેલ
બુટાલ(વડોદરા)



ફીનોલ(શનિ) જશુભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



પુનમભાઈ હીરાભાઈ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી

# અડપોદરાના પ્રસિદ્ધ ઝાલાજીના લોકમેળાને આ વર્ષે પણ ગ્રહણ

### સંભવિત ત્રીજી લહેરની દહેશતમાં મેળો રદ કરવાનો નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

હિંમતનગર તાલુકાના અડપોદરાના ડુંગર ઉપર આસ્થાના પ્રતિક સમા ઝાલાજીના




મંદિરે યોજાતો પરંપરાગત લોકમેળાને આ વર્ષે પણ ગ્રહણ લાગ્યું છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી જયશ્રી ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરા દ્વારા મેળો રદ કરવાનો નિર્ણય લેવાયો છે. તા.૧૮ સપ્ટેમ્બર અને ૧૯ સપ્ટેમ્બર દરમ્યાન ઝાલાજીનો મેળો યોજાશે તેવું જણાતાં પ્રજા તેમજ વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો પરંતુ કોવિડ મહામારીને કારણે સરકારની ગાઈડલાઈનને અનુસરી મેળો મુલત્વી રખાયો છે.

જિલ્લામાં દેવમંદિરોના સાનિધ્યમાં યોજાતા મેળાઓનું આગવું મહત્વ છે. મેળાઓમાં ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવાનો લ્હાવો અલગ બની રહેતો હોય છે પરંતુ કોરોનાની મહામારીમાં મેળાઓની રંગત બગડી છે. હિંમતનગર તાલુકાના અડપોદરામાં ઝાલાજીના મેળાનું વર્ષોથી આગવું મહત્વ રહેલું છે. મોગલ કાળ સમયે ગાયોને બચાવવા જતાં વિરગતિ પામેલા ઝાલાજીના મંદિરે દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે. મેળાની આગલી રાત્રે શામળાજી વિસ્તારના આદિવાસી સ્ત્રી-પુરૂષો રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ મેળામાં નૃત્યની રમઝટ બોલાવતા હોય છે જેથી દૂર દૂરથી મેળાના રસીયા ઝાલાજીના મેળામાં આવતા હોય છે પરંતુ આ વખતે પણ સંભવિત કોરોનાની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી મંદિર ટ્રસ્ટ દ્વારા ઝાલાજીનો પ્રસિદ્ધ મહામેળો રદ કરવાનો નિર્ણય લેવાયો છે.

# સાબરકાંઠામાં આજે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારંભ યોજાશે

બાયડ તા.૪

૫ મી સપ્ટેમ્બર એટલે ભારતના સંસ્કાર પુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ. ભારતના આ પનોતા પુત્રની યાદ માં દર ૫મી સપ્ટેમ્બરે આપણે શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ. સાબરકાંઠા જિલ્લો એટલે શિક્ષણ નો ગઢ આપણા જિલ્લા એ રાજ્યને સૌથી વધુ શિક્ષકો આપ્યા છે. વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારંભ સાબરકાંઠા જિલ્લા શિક્ષણ પરિવાર દ્વારા યોજાશે.

આજે તા. ૫ મી સપ્ટેમ્બર રવિવારના સવારે ૧૦:૦૦ કલાકે ડૉ. નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ હિંમતનગર ખાતે શિક્ષક દિન નિમિત્તે જિલ્લાના અને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન સમારોહ યોજાશે. શિક્ષણની સાધના આરાધના અને ઉપાસના સમાન આ પ્રેરણાદાયી અને ગૌરવવંતા સમારંભમાં અધ્યક્ષા સુ.શ્રી જાગૃતિબેન હરેનભાઈ પંડ્યા અધ્યક્ષ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ગાંધીનગર, રાજ્યસભા સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, સાબરકાંઠા-અરવલ્લી સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધીરેનભાઈ પટેલ, હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ઈડર ધારાસભ્યશ્રી હિતુ કનોડિયા, ખેડબ્રહ્મા ધારાસભ્ય શ્રી અશ્વિનભાઈ કોટવાલ, તલોદ- પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્ર સિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિતિન સાંગવાન, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી યતિનબેન મોદી ઉપસ્થિત રહેશે.

# રોઝડના એલ.જી. ગૃપના લીડર-ઉપલીડરને ચેક પરત કેસમાં ૬ માસની કેદની સજા

### એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ-હિંમતનગર દ્વારા ચૂકાદો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

તલોદ તાલુકાના રોઝડમાં આદ્યશક્તિ જે.એલ.જી. ગૃપના લીડર અને ઉપલીડરને ચેક રીટર્ન કેસમાં હિંમતનગરના એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ દ્વારા તકસીરવાર ઠેરવી ૬ મહિનાની કેદ અને ચેક રીટર્ન કેસમાં રૂા.૮૨,૫૯૦નો દંડ કરતાં હલચલ મચી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રોઝડમાં આવેલી આદ્યશક્તિ જે.એલ.જી. ગૃપના લીડર અનિલસિંહ મહેન્દ્રસિંહ ઝાલા અને વિક્રમસિંહ ખુમાનસિંહ ઝાલાને ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેન્ક-રોઝડ શાખા મારફતે નિયમાનુસાર રૂા.૧૨ લાખની લોન આપવામાં આવી હતી જેના હપ્તા નિયમિત ન ભરાતાં બેન્ક દ્વારા વારંવાર વસુલાત માટે તાકીદ કરવામાં આવી હતી. પરંતુ લોનના હપ્તા અને વ્યાજ ભરવામાં કસૂર થતાં આરોપીઓ દ્વારા બેન્કને કાયદેસરની લ્હેણી રકમ પેટે રૂા.૮૨,૫૯૦નો ચેક આપવામાં આવ્યો હતો જે ચેક બેન્ક ખાતામાં અપૂરતા ફંડના કારણે પરત ફર્યા પછી ચેક પરત ફરવાનો કેસ હિંમતનગર કોર્ટના જજ શબાનાબાનુ અબ્દુલરજાક મેમણ સમક્ષ ચાલી જતાં આરોપીઓને રૂા.૮૨,૫૯૦નો દંડ અને ૬ મહિનાની સજા કરવાનો હૂકમ કર્યો હતો. બેન્ક તરફથી એડવોકેટ પ્રશાન્ત કનુભાઈ શાહે ધારદાર દલીલો કરી આરોપીઓનો સજા અપાવી હતી.

### ગામડાંના વિકાસની કડવી વાસ્તવિક્તા

# બીબીપુરા-ચમારપુરનો માર્ગ છેલ્લા ૧૫ વર્ષથી જર્જરીત, ડામર કામ કરવાનું ભૂલાયું

### નાના વાહન ચાલકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને હાલાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ તાલુકાના સર્વાંગી વિકાસની આલબેલ પોકારતા તંત્ર માટે કડવી વાસ્તવિક્તા સ્વીકારવાનો સમય નથી. તાલુકાના બીબીપુરા થી ચમારપુરના સાડા ત્રણ કી.મી. માર્ગ છેલ્લા ૧૫ વર્ષથી જર્જરીત હાલતમાં છે, ઠેર ઠેર ખાડા પડી ગયા છે છતાં ડામર કામ કરવાનું ભૂલાયું છે. ડામરકામ તો ઠીક પરંતુ થીંગડાં મારવાની પણ તંત્ર પાસે ફૂરસદ નથી.

રાજ્ય સરકારના આર. એન્ડ બી. પંચાયત અને સ્ટેટ વિભાગ દ્વારા દરેક ગામડાઓને સુવિધાયુક્ત રોડથી સજ્જ કરવાના દાવા કર્યા છે. પરંતુ ચૂંટણી સમયે ભાજપને ખોબલે ખોબલા ભરીને મત આપ્યા હોવા છતાં બીબીપુરા-ચમારપુર પંથક ભંગાર રોડના અભિષાપમાંથી આજ દિન સુધી બહાર આવ્યો નથી. આ વિસ્તારમાં રાજ્ય સરકારે પોણા બે કરોડના ખર્ચે સરકારી માધ્યમિક શાળા ખોલી છે પરંતુ શાળામાં અભ્યાસ માટે આવતા બાળકો સાયકલ કે દ્વિ-ચક્રી વાહન લઈને આવે તો પણ પટકાઈ પડે તેવી રોડની દુર્દશા છે. આ વિસ્તારના લોકો મુખ્યત્વે પશુપાલનના વ્યવસાય ઉપર નભી રહ્યા છે જે ડેરીમાં દૂધ લઈને આવતા વાહનો પણ ભંગાર રોડના કારણે અનેકવાર ખોટકાઈ પડતા હોય છે. ત્યારે બાયડ તાલુકાના લોક પ્રતિનિધિઓ રોડ ઉપર રોડ બનાવી સર્વાંગી વિકાસની વાતો કરતા હોય તો પછી બક્ષીપંચની સૌથી વધુ વસતી ધરાવતા બીબીપુરા-ચમારપુરના માર્ગની દુર્દશા સુધારવાનો કેમ પ્રયાસ કરતા નથી..?? રાજ્યના મુખ્ય મંત્રીએ માર્ગની દુર્દશા જોઈને મુખ્ય મંત્રી સડક યોજનામાં સદર માર્ગને સમાવી પ્રજાને સારા માર્ગની ભેટ આપવી રહી.


# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે 'શિક્ષક દિન' નિમિત્તે ઉજવણી



ધનસુરા, તા. ૪

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ધનસુરા શિક્ષક દિન નિમિત્તો ઉજવણી કરાઈ હતી ભારત માં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણ ની યાદ માં ૫ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિન ની ઉજવણી કરવામાં આવે છે જેમાં કુલ ૧૯ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો તથા આચાર્ય તરીકે પટેલ નેહાબેન એ પોતાની ભૂમિકા ભજવી હતી, ઉજવણી નિમિત્તે ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિક્ષક બનેલ વિદ્યાર્થી મિત્રો એ ઉત્સાહભેર ભાગ લઈ જવાબો આપ્યા હતા, સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. પારુલબેન, ડો.ગોપાલ ભાઈ, દીપ્તિ બેન દ્વારા કરવામાં આવ્યું હતું મંડળના સભ્ય ગોપાલભાઈ ઠેકડી, અતુલભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા,આચાર્ય પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે જણાવ્યું કે વિદ્યાર્થી જીવન ઘડતરમાં શિક્ષક ની ભૂમિકા ખૂબ અગત્યની હોય છે ત્યારે આવનાર સમયમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓ ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# કચ્છ કડવા પાટીદાર સમાજમાં પ્રમુખ પદે વરણી



ગાંભોઈ, તા.૦૪

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અરવલ્લી ઝોનની તાજેતરમાં બાયડ ખાતે જનરલ સભા મળી હતી. જેમાં આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખપદે અમૃતભાઈ રતનસિંહભાઈ રામાણી (રાજપુરકંપા-વડાગામ)ની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવતા તેઓને કચ્છી પાટીદાર સમાજના અગ્રણીઓએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# ધનસુરા કોલેજ ખાતે શૌર્યગીત સ્પર્ધા 'મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો



ધનસુરા, તા.૪

ધી ધનસુરા પીપલ્સ કો.ઓ.બેંક લિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં ગુજરાતી વિભાગના ઉપક્રમે 'ઝવેરચંદ મેઘાણી રચિત શૌર્યગીત સ્પર્ધા - મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો, જેમાં કોલેજના આચાર્ય શ્રી તથા અધ્યાપક મિત્રો એ રાષ્ટ્રીય શાયર મેઘાણીના જીવન,સર્જન અને લોકસાહિત્ય વિશે વકતવ્ય આપ્યા, વિદ્યાર્થીઓ એ મેઘાણીના ગીતોનું કાવ્યપઠન કર્યું હતું, શ્રેષ્ઠ ગાન કરનાર વિદ્યાર્થીની ને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, મંડળના મંત્રી અતુલભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા, કાર્યક્રમનું સંચાલન ડો. પારુલ બેન સોની, અને ડો. પલ્લવી બેન ત્રિવેદી એ કર્યું હતું, પ્રિન્સિપાલ ડો. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન થયું હતું

# ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખા દ્વારા ફીટ ઈન્ડીયા અંતર્ગત મેરેથોન દોડ






ભિલોડા,તા.૦૪

ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખાના સદસ્યો, એન.સી.સી કેડેટ તેમજ એન.એસ.એસના વિદ્યાર્થીઓ, પોલીસ સ્ટાફ, ગામના નાગરિકો, વેપારીઓ, ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના પ્રમુખ રામાવતાર શર્મા,મંત્રી મહિપતસિંહ રાઠોડ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપ પ્રમુખ વલ્કેશભાઈ પટેલ, ફાઉન્ડર મેમ્બર મુકેશભાઈ પંચાલ,યોગ કોચ વસંત પટેલ,પંકજ શર્મા, ભરતભાઈ પ્રજાપતિ, સંજયભાઈ પંચાલ, વિપુલભાઈ માવાણી, સુરેશભાઈ પ્રજાપતિ, અનિલભાઈ, કલ્પેશભાઈ ચૌહાણ, બિપીનભાઈ પ્રજાપતિ, શૈલેષભાઈ ચૌધરી, દિલીપભાઈ સોની,રોહિતભાઈ પટેલ, મહેશભાઈ પંચાલ, હસમુખભાઈ બરંડા, રૂદ્ર પટેલ, એન.સી.સી ના કમાન્ડિંગ ઓફિસર ડી.આર. ચૌધરી, આર.જે તશા વિદ્યાલયના પ્રિન્સીપાલ આર.કે.પટેલ,ફોટો ગ્રાફરો સુરેન્દ્રસિંહ ચંપાવત, અમિતભાઈ, ચિરાગભાઈ અને હર્ષદભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં લીંબુ શરબત આપવામાં આવ્યો હતો.